# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-08-2024** **Evening : 7.10 to 7.20**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- રાજ્યભરમાં વરસાદનો વધુ એક તોફાની રાઉન્ડ શરૂ થયો.. સુરતના ઉમરપાડામાં સાંબેલાધાર નવ ઇંચ અને મહેસાણાના વિજાપુરમાં આઠ ઇંચ વરસાદ ખાબકતાં જળબંબાકાર
- બિન રહેણાંક વિસ્તારમાં અનધિકૃત મર્યાદીત પાર્કિંગને નિયમિત કરવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય
- રાજ્યના ત્રણ વીજ મથકોમાં ૮૦૦ મેગાવોટના સુપર ક્રિટિકલ થર્મલ પાવરના વિસ્તરણ માટે સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી
- જન્માષ્ટમીના તહેવારને લઇને સૌરાષ્ટ્રભરમાં લોકમેળા.. રાજકોટમાં કૃષિમંત્રીએ મેળાનો આરંભ કરાવ્યો
- માતૃભાષાના વધુને વધુ ઉપયોગની અપીલ સાથે વિશ્વ ગુજરાતી માતૃભાષા દિવસની રાજ્યભરમાં ઉજવણી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WEATHER

રાજ્યભરમાં આજે વરસાદનો વધુ એક તોફાની રાઉન્ડ શરૂ થયો હતો... રાજયમાં આજે સવારે છ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધીમાં 165 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ સુરતના ઉમરપાડામાં નવ ઇંચ અને મહેસાણાના વિજાપુરમાં આઠ ઇચં જેટલો સાંબેલાધાર વરસાદ વરસ્યો હતો.. આ સ્થિતિને કારણે મોટાભાગના વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી..

હવામાન વિભાગ દ્વારા  આગામી બે દિવસો દરમિયાન ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.. જેમાં આવતીકાલે દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદનુ રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે..

. . . . . . . . . . . . .

અખબારી યાદી – હવામાન વિભાગ – હર્ષલ પંડ્યા, નવીન

# district rain

**રાજ્યમાં વિવિધ સ્થળોએ હળવા થી ભારે વરસાદ નોંધાયો છે ત્યારે મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, વીજાપુર તાલુકામાં છેલ્લાં 24 કલાકમાં આઠ ઇંચ અને વિસગનરમાં સવા ત્રણ ઇંચ વરસાદ પડ્યો છે. આ ઉપરાંત**, મહેસાણા. ખેરાલુ, કડી સહિતનાં તાલુકાઓ માં વરસાદ પડયો છે.

નર્મદા જિલ્લા ના અમારા પ્રતિનિધિ જણાવેછે કે 10 ઓગસ્ટથી સરદાર સરોવર ડેમમાં પાણીની આવક વધતા રિવરબેડ પાવરહાઉસ શરૂ કર્યા બાદ 11 ઓગસ્ટથી દરવાજા ખોલી નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે જેના કારણે ગરુડેશ્વર વિયર ડેમ ઓવરફ્લો થયો છે.

તાપી જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવેછે કે સોનગઢમાં ડોસવાડા ખાતે આવેલ ડોસવાળા ડેમ આ વર્ષે વરસાદ ની સીઝનમાં બીજી વાર ઓવર ફ્લો થયો છે .

વલસાડ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવેછે કે ધરમપુર તાલુકામાં દિવસ દરમિયાન પાંચ ઇંચ વરસાદ નોંધાયો હતો

છોટા ઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે વડોદરા - છોટા ઉદેપુર નેશનલ હાઇવે નંબર 56 પર જેતપુર પાવી પાસે ભારજ નદી પર નું ડાયવર્ઝન ધોવાતા હાઇવે રોડ નું ડાયવર્ઝન અપાયું છે

સુરત જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે સુરતમાં વહેલી સવારથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે, જેમાં ઉમરપાડામાં સવારે આઠ થી બપોરના બાર વાગ્યા સુધીમાં 5 ઇંચ વરસાદ ખાબક્યો છે.

. . . . . . . . . . . . .

PTC- Tapi, Mehsana, નર્મદા, વલસાડ, Chota Udepur, જયેશ પટેલ, હર્ષલ પંડયા, નવીન

# CM IMPECT ACT

રાજ્યમાં ઇમ્પેક્ટ કાયદાને વધુ લોકાભિમુખ બનાવવા રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે..જેમાં ગામતળ વિસ્તારમાં બિન રહેણાંક બિન અધિકૃત બાંધકામના વપરાશ કરતા લોકોના ૪.૫ એફ.એસ.આઇ. સુધીના બિન અધિકૃત બાંધકામો હવે નિયમિત થઇ શકશે.

બિન અધિકૃત રહેણાંક માટે ૨૦૦૦ ચો. મીટર સુધીના ખુટતાં પાર્કિંગ માટે અને બિન અધિકૃત બિન રહેણાંક માટે ૧૦૦૦ ચો. મીટર સુધીના ખુટતા પાર્કિંગ માટે ફી લઇને બિન અધિકૃત બાંધકામ નિયમિત કરવાની જોગવાઇ કરવામાં આવી છે,

અગાઉ ખુટતા પાર્કીંગના ૫૦% જે તે પ્લોટમાં અથવા તો ૫૦૦ મીટરની હદમાં પાર્કીંગની જોગવાઇ કરવી ફરજીયાત હતી, અને બાકીના ૫૦ % ખુટતા પાર્કીંગ માટે ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા અધિનિયમ ૨૦૨૨ના જાહેરનામાંથી પાર્કીંગ નિયમિત કરવા માટેની નક્કી કરાયેલી ફી વસુલ લઇને બિન અધિકૃત બાંધકામ નિયમિત કરવાની જોગવાઇ હતી.

. . . . . . . . . . . . .

પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા, નવીન

# 800 MEGAWATT THARMAL POWER MATHAK

રાજ્ય સરકારે રાજ્યના ત્રણ વીજ મથકોમાં પ્રત્યેકમાં 800 મેગાવોટના સુપર ક્રિટિકલ થર્મલ પાવર એક્સટેન્શનની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન, સિક્કા થર્મલ પાવર સ્ટેશન અને ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન એમ પ્રત્યેક **TPS**માં 800 મેગાવોટના આવા પ્લાન્ટ સ્થપાતા રાજ્યની હાલની કુલ 53 હજાર 368 મેગાવોટની સ્થાપિત ક્ષમતામાં 2400 મેગાવોટનો વધારો થશે.

હાલ રાજ્યમાં 24 હજાર 962 મેગાવોટ પરંપરાગત અને 28 હજાર 406 મેગાવોટ બિન પરંપરાગત ઉર્જા ઉત્પાદનની કુલ 53 હજાર 368 મેગાવોટ સ્થાપિત ક્ષમતા છે.

. . . . . . . . . . . . .

પીટીસી-ગાંધીનગર-હર્ષલ પંડ્યા-NAVIN

# SHIPPING INDUSTRY CM

ભાવનગરના અલંગ ખાતે શીપ રિસાયકલિંગ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.. આ સમારંભમાં સંબોધન કરતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ગુજરાતે કાર્ગો પોર્ટ સંચાલન, સી-ફૂડ ઉત્પાદન અને શિપ રિસાઇક્લીંગ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ કર્યો છે. આવનારા સમયમાં અલંગ ખાતે ગ્રીન શિપ રિસાયકલીંગને પ્રોત્સાહન આપીને કાર્બન ફૂટપ્રિન્ટમાં લગભગ ૯૦% ઘટાડો કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે.

કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતિ નિમુબહેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, અલંગના તમામ ઉદ્યોગને વેગવાન બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર અસરકારક પ્રયાસ કરી રહી છે. જેના માટે

મુખ્યમંત્રીના હસ્તે ગુજરાત મેરિટાઇમ બોર્ડ દ્વારા નિર્મિત GPOFMS પોર્ટલનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

પીટીસી- ભાવનગર – હર્ષલ પંડ્યા, નવીન

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

……………………………….

# *PM-MANN KI BAAT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ 113મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આપ આકાશવાણી, દુરદર્શન, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર સાંભળી શકશો.

આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમ બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . .

રીપીટ

# RAJKOT MELO

રાજકોટમાં પરંપરાગત "ધરોહર લોકમેળા"નું ઉદઘાટન થયુ હતું. આ સાથે રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં પાંચ દિવસના લોકમેળાની રંગત શરૂ થઈ ગઈ છે. કૃષિમંત્રી રાઘવજી પટેલે આ લોકમેળાનો આરંભ કરાવ્યો હતો..

રાઘવજી પટેલે મહિલા આર્ટ અને ક્રાફ્ટના સ્ટોલ અને ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની દ્વારા નારીશક્તિ મહોત્સવ અંતર્ગત આયોજિત સરસ મેળો પણ ખુલ્લો મુક્યો હતો.

મંત્રીશ્રીએ લોકમેળા ગ્રાઉન્ડમાં રાજકોટ પોલીસ દ્વારા આયોજિત પ્રદર્શન કેન્દ્રનું પણ ઉદઘાટન કર્યું હતું. ઉપરાંત ગ્રાહક સુરક્ષા કેન્દ્રના સ્ટોલ તેમજ આત્મા પ્રાકૃતિક કૃષિના સ્ટોલનું પણ ઉદઘાટન કર્યું હતું. લોકમેળામાં બનાવાયેલા ડોમમાં વિવિધ કલાકારોએ સાંસ્કૃતિક લોકનૃત્યો રજૂ કરીને લોકોનું મનોરંજન કર્યું હતું...

કૃષિમંત્રી રાઘવજી પટેલે આ અંગે વધુ માહિતી આપી હતી.

## બાઇટ રાઘવજી પટેલ

. . . . . . . . . . . . .

પીટીસી- રાજકોટ – હર્ષલ પંડ્યા, નવીન

# MATRUBHASHA DIWAS

આજે વિશ્વ ગુજરાતી માતૃભાષા દિવસની રાજ્યભરમાં ઉજવણી કરવામાં આવી હતી.. અર્વાચીન ગુજરાતી કવિતાના  આદ્યકવિ એવા નર્મદનો આજે જન્મદિન છે. આ દિવસને વિશ્વ ગુજરાતી માતૃભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આ દિવસ નિમિત્તે બનાસકાઁઠાના મુસાફીર પાલનપુરીએ વિશ્વમાં વસતા તમામ ગુજરાતીઓને આજના દિવસની શુભકામના પાઠવી હતી. તેમણે ગુજરાતી ભાષાના વધુને વધુ ઉપયોગ કરવાની અપીલ કરી હતી.

## બાઇટ- મુસાફીર પાલનપુરી

. . . . . . . . . . . . .

પીટીસી બનાસકાંઠા, હર્ષલ પંડયા, નવીન

# NEWS IN BRIF

## અને સાંભળીએ હવે કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- ગીર સોમનાથના પ્રભાસ પાટણના ત્રિવેણી સંગમ ખાતે નદીમાં... ચૂંદડી, કાપડ, નાળીયેર, ફૂલો, માટીના વાસણો વિગેરે વસ્તુઓ પધરાવવા અને કોઈપણ પ્રકારનો કચરો નાંખવા પર પ્રતિબંધ લદાયો ..ત્રિવેણી સંગમના પાણીમાં માત્ર અને માત્ર અસ્થિ અને પિંડ વિસર્જન કરી શકાશે
- આગામી જન્માષ્ટમી તહેવારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઇ રહે તે અનુસંધાને વેરાવળ શહેર વિસ્તારમાં પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજાઇ હતી.
- આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં અંબાજી ખાતે ભાદરવી પૂનમિયા સેવા સંઘ ટ્રસ્ટની વાર્ષિક જનરલ સભા યોજાઈ..
- પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખતાં જન્માષ્ટમી તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર દોડાવવામાં આવશે
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી.. ઉપગ્રહોની કક્ષાનું ભૌતિક વિજ્ઞાન વિષયક ભારતના ખ્યાતનામ ખગોળ વૈજ્ઞાનિકોએ આપ્યું ...
- મહેસાણાના ખેરાલુના ડભાડ ગામ ના જૂથ 9 ગામો માં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ 94 જેટલી વિવિધ કિટો નું સ્વરોજગાર માટે વિતરણ કરાયું હતું. નવ ગ્રામ્ય વિસ્તાર ના 49 સ્વસહાય જૂથો ને 24 લાખ કરતાં વધુ રૂપિયાની કીટ ચૂકવાઇ

. . . . . . . . . . . . .

ન્યૂઝ રૂમ-હર્ષલ પંડ્યા-નવીન